# અમદાવાદ સ્થાનિક રોહિત જ્ઞાતિ પંચના "સામાજીક રીત રિવાજો"નું બંધારણ

અમદાવાદ સ્થાનીક રોહિત જ્ઞાતિ પંચના સભ્યો વચ્ચે એક સૂત્રતા જળવાઈ રહે, સમસ્ત જ્ઞાતિ પંચના સંચાલનમાં મદદરૂપ થાય તેવા સર્વમાન્ય સામાજિક રીત રિવાજો (નિયમો) હોવા ખૂબ જ જરૂરી છે. તા. ૦૩-૦૧-૨૦૧૬ ને રવિવાર રોજ રાજપુર ગામ, અમદાવાદ ખાતે જ્ઞાતિના ૧૫ ગામોની જનરલ મીટીંગ મળી જેમાં સર્વ સંમતિથી નીચે મુજબના સામાજીક રીત રિવાજના નિયમોનું બંધારણ ઘડાવામાં આવ્યું.

## સભ્યપદ

અમદાવાદ સ્થાનિક રોહિત જ્ઞાતિ પંચના પુખ્ત વયના (૧૮ વર્ષ કે તેથી ઉપરની વયના) દરેક પુરૂષ સભ્યને રૂા. ૧૦૦/- ભરી આજીવન સભ્ય બનવું ફરજીયાત છે.

## સગાઈ વિધિ

૧. સગાઈ કરવા માટે દિકરાના માતા-પિતા-વાલી તરફથી દિકરીવાળાને ત્યાં ૨૦ (વીસ) માણસોએ જવું. સગાઈ કરતી વખતે સગાઈનો રૂા. ૧/- તથા ઓઢણીના ૧૦/- રૂા. એમ કુલ રૂા. ૧૧/- આપવા. ગોળ-ધાણા વહેંચી સગાઈ જાહેર કરવી.

૨. સગાઈ કરવા માટે દિકરીના માતા-પિતા-વાલી તરફથી દિકરાવાળાને ત્યાં ૨૦ (વીસ) માણસોએ જવું. દિકરાવાળાને ત્યાં સગાઈનો રૂા. ૧/- આપવો. ગોળ-ધાણા વહેંચી સગાઈ જાહેર કરવી. તથા બન્ને પક્ષો અનુકૂળતા મુજબ લગ્નનું મુહુર્ત જોઈ લગ્નતિથી નક્કી કરવી.

૩. બન્ને પક્ષોએ સગાઈ કરતી વખતે મીઠાઈનું પડીકું સાથે લઈ જવું.

૪. સગાઈની વિધિ પત્યા બાદ અનુકૂળતા મુજબ ભોજન આપવું.

૫. સગાઈ કરવા આવનાર મહેમાનોને પહેરામણીના રૂા. ૧૫૧/- આપવા.

૬. સગાઈ વખતે ગોળ ખાવાની પ્રથા - ઘરધણી-કાકા-મોસાળ પુરતી જ રાખવી. અન્ય વ્યક્તિઓને ગોળ ખાવા ઉભા કરી સમય વ્યય ન કરવો.

૭. સગાઈની વિધિ પોતાના નિવાસ્થાને, હોલ-હોટલ કે વાડીમાં બન્ને પક્ષો પોતાની અનુકૂળતા મુજબ ગોઠવી શકશે.

૮. રીંગ સેરીમની (વીંટી પહેરામણી)ની વિધી કરવી નહી. જો કોઈ સભ્ય વીટીં પહેરામણીની વિધિ કરવા ઈચ્છતા હોય તો રૂા. ૫૦૦૧/- જ્ઞાતિપંચનો ફાળો જમા કરવાનો રહેશે.

૯. સગાઈ વખતે સ્થાનિક વસ્તીના રૂા. ૧૦/- મહેમાનો પાસેથી લઈ ગામની વસ્તીને આપવા. આ સિવાય અન્ય લેવડ-દેવડ કરવી નહીં.

૧૦. સગાઈ વખતે બ્રાહ્મણને ૫૧+૫૧= બન્ને પક્ષોએ ભેગા મળી કુલ રૂા. ૧૦૨/- આપવાના રહેશે.

## લગ્ન પ્રસંગ

(૧) લગ્ન પ્રસંગે પીઠી લેવા ઘરનાં વ્યક્તિઓએ જવું.

(૨) લગ્નનાં આગલા દિવસે કન્યાપક્ષ તરફથી બે વરઘડ મોકલવાની પ્રથા બંધ કરેલ છે.

(૩) વર કે કન્યા માટે કુંવાસા કે સગાઓએ ખુંપ કે ફુલહાર લાવવો નહીં. તેની ઘરમેળે વ્યવસ્થા કરવી.

(૪) જાન નક્કી કર્યા મુજબ સવારે આવે અને તેજ દિવસે સાંજે વિદાય કરવી.

(૫) જાન આવ્યા પછી તરત જ કન્યાપક્ષવાળાઓએ જાનને ઉતારો આપવો. વરને માંડવે ચાંલ્લો કરી ચોરીના સથળે લઈ જઈ લગ્નની વિધિ કરવી.

(૬) કન્યાપક્ષવાળા તરફથી અનૂકૂળ ભોજન આપવું.

(૭) જાનમાં વધુમાં વધુ ૧૫૦ માણસો (સ્ત્રી, પુરૂષ, બાળકો સાથે) જઈ શકશે.
(સ્ત્રીઓને પણ જાનમાં જઈ શકશે તેમજ આવી શકશે)

(૮) જમણવાર પત્યા બાદ અનૂકૂળ સમયે દાપાની બેઠક કરવી, બેઠકમાં આવનાર મહેમાનોના પંચમાંથી ફકત બે માણસોને બોલાવવા અન્ય કોઈ સગાં-સંબંધીને બોલાવવા નહીં જેથી સમયનો બગાડ થાય નહીં, દાપુ એક સામટું મંગાવવું.

(૯) ભાણું પંચમાં રાખવું. (નામ પંચનું પડે પણ આવનાર મહેમાન ઈચ્છે તો ત્યાં મુકવું)

(૧૦) દાપાની બેઠક વખતે ચ્હા-કોફી કે ઠંડા પીણા આપવા.

(૧૧) સ્વાસ્થ્યને હાનિકારક દ્રવ્યો જેવા કે બીડી, સીગરેટ, તમાકુ આપવા-લેવા નહીં.

(૧૨) લગ્ન પ્રસંગે વરપક્ષે દાપાની રકમ રૂા. ૫૦૧૫/- (આણા સાથે) આપવા.

### દાપાની યાદી - રૂા. ૫૦૧૫/-

| | |
|---|---|
| બ્રાહ્મણના | રૂા. ૫૦/- |
| શિક્ષણ ફાળાના | રૂા. ૧૦૦/- |
| મેરાઈનાં | રૂા. ૨૦૦/- |
| (બન્ને પક્ષે ૧૦૦+૧૦૦=૨૦૦/-) | |
| વસ્તીના | રૂા. ૫૦/- |
| બૈરાનાં | રૂા. ૧૦૦/- |
| જ્ઞાતિ ફાળાનાં | રૂા. ૧૦૦/- |

### સગાની યાદી

| | |
|---|---|
| કાકાના સગાનાં | રૂા. ૩૦૦/- |
| મોસાળનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| ફોઈનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| મોટી બહેનનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| માસીના સગાનાં | રૂા. ૨૦૦/- |

(દાપાની રકમમાંથી ઘરધણીએ સગાનો વ્યવહાર કરવો.)

દાપાનાં રૂા.૫૦૧૫ ઉપરાંત અન્ય કોઈ લેવડ દેવડ કરવી નહીં.

(૧૩) કન્યા પક્ષે વરતમાં તાંબાનું બેડું, બાજોટ તથા રૂા. ૫૧/- આપવા.

(૧૪) જે કોઈ પરગણા વરતમાં બેડું આપતા ન હોય તો તે પરગણાનાં વરતમાં (બેડું આપવું નહીં.) બાજોટ અને રૂા.૫૧/- આપવા, રમણદીવો કે અન્ય કોઇ ચીજ-વસ્તુઓ આપવી નહીં.

(૧૫) લગ્નમાં આણું ત્રણ કે પાંચ દિવસનું રાખવું. (અનુકુળતા પ્રમાણે)

(૧૬) કંકુ કન્યા લેવી/આપવી નહીં.

(૧૭) લગ્ન પ્રસંગે ફટાણા ગાવા નહીં.

(૧૮) લગ્ન બાદ જમાઈને પહેલીવાર તેડાવો ત્યારે પહેરામણીમાં પોતાની યથાશક્તિ પ્રમાણે વ્યવહાર કરવો.

## ભાણેજનું મામેરૂ

(૧) પ્રથમ ભાણેજનાં લગ્ન પ્રસંગે મોસાળ તરફથી બહેનનાં જોડી કપડાં, યથાશક્તિ પ્રમાણે સોના, ચાંદીના દાગીના અને રૂા. ૫૦૧/- રોકડા આપવા અને ભાણીનાં લગ્ન હોય તો બહેન તથા ભાણીનાં જોડી કપડાં, યથાશક્તિ પ્રમાણે સોના-ચાંદીના દાગીના અને રૂા.૫૦૧/- રોકડા આપવા, બાકીના ભાણેજ - ભાણીના લગ્ન પ્રસંગે મામેરામાં રૂા. ૨૫૧/- રોકડા અને બહેનને એક જોડી કપડાં આપવા.

(૨) મામેરાનાં વરતનાં રૂા. ૫૦૧/- આપવા, બીજા મામેરાના વરતમાં રૂા. ૧૫૧/- આપવા.

## સીમંતનો ધારો

(૧) સીમંતનું મામેરૂ લઈને સવારે જવું.

(૨) કન્યાપક્ષ તરફથી સિમંતના મામેરામાં વધુમાં વધુ ૫૦ માણસોએ (બાળકો સાથે) જવું.

(૩) કન્યાપક્ષ તરફથી સીમંતમાં યથાશક્તિ પ્રમાણે સોના-ચાંદીના દાગીના આપવાના રહેશે.

(૪) જો કન્યાપક્ષની આર્થિક સ્થિતિ સારી ન હોય તો રૂા. ૫૦૧/- સીમંતનાં મામેરા તરીકે આપી શકાશે. આવા સંજોગોમાં કન્યાને માનહાની કે દુઃખ થાય તેવા શબ્દો ઉચ્ચારવા નહીં, મ્હેણાં-ટોણાં મારવા નહીં, જબરજસ્તીથી વધુ મામેરૂ માંગવું નહીં.

(૫) અનુકૂળ સમયે જમણ આપી શકાશે.

(૬) મામેરાનું વરત/મામેરાની ધોતી રૂા. ૫૦૧/- વરપક્ષે કન્યાપક્ષવાળાને આપવા.

(૭) શિક્ષણ ફાળાનાં રૂા. ૧૦૦/- અને જ્ઞાતિ ફાળાનાં રૂા. ૧૦૦/- મામેરીયાપક્ષ પાસેથી લઈ જ્ઞાતિપંચમાં જમા કરાવવા.

(૮) સીમંતમાં રોકડ અથવા બોન્ડ/કેશ સર્ટીફિકેટ આપવા, સાડી કે વાસણ આપવા નહીં.

(૯) મામેરા પક્ષ તરફથી વેવાઈને રૂા. ૫૦/- ધોતીનાં આપવા, સાસુને સાડી આપવી.

(૧૦) પાખોરની વરતપ્રથા બંધ કરવામાં આવે છે.

## પુનઃલગ્ન

(૧) છૂટાછૂડા લીધેલ નિઃસંતાન (ન છોરવી) તેમજ નિઃસંતાન વિધવા સામાજીક રીતે લગ્ન કરી શકશે. આનો વહેવાર દિકરીનાં લગ્ન મુજબ જ થશે.

## નિઃસંતાન / છુટાછેડાવાળી કન્યા / વિધવાના લગ્ન અંગે

સંજોગોની શિકાર, કિસ્મતની મારી કોઈ અબળા અકાળે વિધવા બને નાની ઉંમરે છૂટાછેડા લેવા પડે તો આવી કન્યાને માટે લગ્ન કરવાની છૂટ અ.સ્થા.રો. જ્ઞાતિ પંચ આપે છે. પ્રથાનો વિરોધ થશે નહીં.

આ લગ્ન કોઈપણ સામાજીક વિધિ પ્રમાણે કરવા. તેમાં પીઠી કરવી કે ન કરવી ? ફેરા કરવા કે નહિ ? તે લોકમાનસ પર આધારિત છે વડીલો સગાંની હાજરીમાં મંદિર કે કોર્ટમાં એકબીજાને ફુલનો હાર પહેરાવીને પણ લગ્ન કરી શકશે.

## સાજનાનો ધારો

**ન છોરવી કન્યાનાં પુનઃલગ્ન....**

(૧) ન છોરવી કન્યાનાં પુનઃલગ્ન પ્રસંગે દાપાની રકમ રૂા. ૩૦૧૫/- એક સાથે મંગાવી લેવી.

(૨) પુનઃલગ્નની તિથી નક્કી થાય ત્યારે રૂા. ૨૫૧/- હાંસડીનાં આપવા. (જે દાપામાં મજરે લેવા.)

## દાપાનો વહેવાર

| | |
|---|---|
| હાંસડી પહેરામણીનાં | રૂા. ૨૫૧/- |
| વસ્તીનાં | રૂા. ૨૦/- |
| બૈરાનાં | રૂા. ૧૦/- |
| શિક્ષણ ફાળાનાં | રૂા. ૧૦૦/- |
| જ્ઞાતિ ફાળાનાં | રૂા. ૧૦૦/- |
| બ્રાહ્મણનાં | રૂા. ૨૫/- |
| સરવાળો | રૂા. ૫૦૬/- |

## સગાની યાદી

| | |
|---|---|
| કાકાના સગાનાં | રૂા. ૨૦૦/- |
| મોસાળનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| ફોઈનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| મોટી બહેનનાં સગાનાં | રૂા. ૨૦૦/- |
| માસીના સગાનાં | રૂા. ૨૦૦/- |
| સગાના | રૂા. ૧૦૦૦/- |
| દાપાનો વ્યવહાર | રૂા. ૫૦૬/- |
| કુલ | રૂા. ૧૫૦૬/- |

(૩) પુનઃલગ્ન પ્રસંગે છોકરા પક્ષ તરફથી ૨૫ માણસોએ (બાળકો સહિત) જવું.

(૪) પુનઃલગ્નમાં કન્યા પક્ષ તરફથી વરતમાં રૂા. ૧૫૧/- આપવા.

(૫) વાયણાનું આણું તેડવા પાંચ માણસોએ જવું.

(૬) અન્ય કોઈ રોકડ વહેવાર કરવો નહીં.

(૭) કન્યાપક્ષ તરફથી વાયણાંનું આણું તેડવા આવનાર વરપક્ષને રૂા. ૧૫૧/- આપવાં.

## પુનઃલગ્ન સાજનાનો ધારો

### છોકરાવાળી કન્યા સંબંધી

(૧) આ પ્રસંગે ૨૫ માણસોએ (બાળકો સાથે) જવું.
(૨) પુનઃલગન પ્રસંગે દાપાનાં રૂા. ૧૧૧૫/- એક સામટા મંગાવી લેવા.
(૩) પુનઃલગ્નની તિથી નક્કી થાય ત્યારે રૂા. ૧૦૧/- હાંસડીનાં આપવા. (જે દાપામાં મજરે લેવા.)

### દાપાનો વહેવાર

| | |
|---|---|
| આંસડી પહેરામણીનાં | રૂા. ૧૦૧/- |
| વસ્તીનાં | રૂા. ૨૦/- |
| બૈરાનાં | રૂા. ૧૦/- |
| શિક્ષણ ફાળાનાં | રૂા. ૧૦૦/- |
| જ્ઞાતિ ફાળાનાં | રૂા. ૧૦૦/- |
| બ્રાહ્મણનાં | રૂા. ૧૦/- |
| | રૂા. ૩૪૧/- |

### સગાની યાદી

| | |
|---|---|
| કાકાના સગાનાં | રૂા. ૫૦/- |
| મોસાળનાં સગાનાં | રૂા. ૩૦/- |
| ફોઈનાં સગાનાં | રૂા. ૩૦/- |
| મોટી બહેનનાં સગાનાં | રૂા. ૩૦/- |
| માસીના સગાનાં | રૂા. ૩૦/- |
| | રૂા. ૧૭૦/- |

| |
|---|
| રૂા. ૧૭૦/- |
| રૂા. ૩૪૧/- |
| રૂા. ૫૧૧/- |

(૪) પુનઃલગ્નમાં કન્યા પક્ષ તરફથી દાપામાં વરતમાં રૂા. ૧૦૧/- આપવા.
(૫) વાયણાનું આણું તેડવા પાંચ માણસોએ જવું. કન્યાપક્ષ તરફથી આવનાર મહેમાનોને રૂા. ૫૧/- સામુહિક પહેરામણી આપવી. અન્ય કોઈ રોકડ વહેવાર કરવો નહીં.

## છૂટાછેડા ધારો

(૧) છૂટાછેડા લેનાર પક્ષે જ્ઞાતિ પંચને લેખીત અરજી કરવાની રહેશે.
(૨) જો છોકરા પક્ષ તરફથી કન્યાને છૂટાછેડા આપવા માગતા હોય તો સીમંત પ્રસંગે આપેલ દર-દાગીનાં, સાડીઓ, તથા ભેટ સોગાદ કન્યાપક્ષને પરત આપવાનાં રહેશે.
(૩) છૂટાછેડાનાં પ્રશ્નો બને ત્યાં સુધી સામાજીક રીતે જ પતાવવા હીતાવહ છે. કોર્ટનો સહારો લેનારને સામાજીક સહકાર મળશે નહીં.
(૪) જ્ઞાતિ પંચ દ્વારા લેવાયેલ નિર્ણય શીરો માન્ય રહેશે.

## મરણ પ્રસંગ

(૧) મરણોત્તર પ્રસંગે બહેન કે દિકરી વિધવા થાય તો શક્તિ પ્રમાણે ચુડી અને જોડ કપડાં (સફેદ) આપવાનાં રહેશે. ભાણેજ દીઠ રૂા. ૧૦/- આપવા.

(૨) મરણોત્તર પ્રસંગે કુટુંબની બહેન કે દિકરી/કુંવાસીને શોકનાં (સ્વેચ્છાએ ગામની દિકરીને પણ) રૂા. ૧૦/- આપી શકાશે.

(૩) મરણોત્તર પ્રસંગે કફનનાં રૂા. ૫૦૧/- આપવા.

(૪) મરણ પ્રસંગે કોગળો બંધ કરેલ છે.

(૫) મરણ પ્રસંગે સ્મશાનની વિધિ બાદ કાણ, મોકાણ, રોવું-કુટવું નહીં. સ્મશાનની વિધિ બાદ ખેસ લાવવો નહીં.

(૬) મરણ પ્રસંગે વેલ પ્રથા (કુટવાની પ્રથા) સદંતર બંધ કરવામાં આવે છે.

(૭) મરણના ત્રીજા દિવસે જ બેસણાની વિધિ પુરી કરવાની રહેશે, રવિવાર કે મંગળવાર આવતો હોય તો પણ સવારે ૯ થી સાંજે ૪ સુધીમાં પુરી કરવી, માસ્યાની વિધિ કરવી નહીં.

(૮) ભીના કપડે સુંવાળા કાઢવા.

(૯) બેસણાના દિવસે પિંડપૂજન વિધિ કરવી નહીં. સ્ત્રીઓ દ્વારા વિધવા સ્ત્રી માટે થતી વિધિ કરવી.

(૧૦) મરણના બારમા દિવસે કુટુંબની દિકરી/કુંવાસીને શોકની સાડીને બદલે રોકડા ૧૦૦/-રૂા. આપવા.

## મરણોત્તર ભોજન

**મૃત્યુ બાદના ખોટા ખર્ચા અટકાવવા બાબતે.**

(૧૦) મૃત્યુ બાદનું મરણોત્તર ભોજન બંધ કરવામાં આવે છે. પરંતુ જો કઈને મરણોત્તર ભોજન આપવું હોય તો તેમણે વસ્તીપંચની પરવાનગી સહ જ્ઞાતિ પંચને રૂા. ૧૧૧૧૧/- જ્ઞાતિફાળો પહેલાં જમા કરવવાનો રહેશે.

(૧૧) રૂા. ૧૧૧૧૧/- જ્ઞાતિફાળો જમા કર્યા સિવાય પ્રેત-ભોજન આપી શકાશે નહીં. નિયમભંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે વસ્તી અને જે તે ગામની રહેશે.

(૧૨) આવા પ્રસંગે જ્ઞાતિફાળો આપ્યા સિવાય મરણોત્તર ભોજન કરનાર/કરાવનારનો જે તે વસ્તી ગામે સખત વિરોધ કરવો.

## સાદગી ભર્યા લગ્ન માટે પુરસ્કાર

**બંને પક્ષના માતા-પિતાની, જવાબદાર વડીલની સંમતિથી આર્ય સમાજ વિધિથી કે કોર્ટની વિધિથી સાદાઈથી લગ્ન કરનાર યુગલનું જ્ઞાતિપંચ સન્માન કરશે અને પુરસ્કાર આપશે.**

**પરંતુ**

**આવા લગ્ન કરનારે પાછળથી રીસેપ્શન કે અન્ય ખર્ચ કરવો નહીં.**

ખાસ નોંધ : આ બંધારણનો અમલ-બંધારણની આ પુસ્તિકાનું વિમોચન - પ્રકાશીત થાય તે દિવસથી અમલમાં આવશે.